## લેપ્રોસ્કોપીક સર્જરી વિભાગ



**ડૉ. પરાગ પટેલ**
એમબીબીએસ, એમએસ એફએમએએસ,
સર્જીકલ ગેસ્ટ્રોએન્ટેરોલોજીસ્ટ, એફઆઈએજીઈએસ,
એફએઆઈજીઈ
ફેલોશિપ ઈન સ્ટમક સર્જરી (દક્ષિણ કોરીઆ)
ફેલોશિપ ઈન બેરીઆટ્રિક સર્જરી (તાઈવાન)



**ઝાયડસ હૉસ્પિટલ**

ઝાયડસ હોસ્પિટલ્સ એન્ડ હેલ્થકેર રીસર્ચ પ્રા. લિ. દ્વારા ગુજરાતની સૌથી મોટી, ખૂબ જ આધુનિક, તથા સર્વગ્રાહી અને સર્વશ્રેષ્ઠ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલની સ્થાપના આણંદ ખાતે કરવામાં આવી છે. ઝાયડસ હોસ્પિટલ્સની સ્થાપના સમાજને આરોગ્ય સંભાળની સેવાઓ સુલભ બનાવવામાં અગ્રણી સંસ્થા તરીકે પ્રસ્થાપિત થવાની પરિકલ્પના સાથે કરવામાં આવી છે, જેથી તે દરેક લોકો માટે તમામ પ્રકારની આરોગ્ય સંભાળ તથા સારવાર માટેની એક પસંદગીની સંસ્થા બની રહે.

મેડિકલ ટેકનોલૉજીના, તબીબી સંશોધનના વિકાસ તથા સર્વોત્તમ સંચાલન વ્યવહારોના માધ્યમથી સમાજને વિશ્વ કક્ષાના આરોગ્ય સંભાળના ઉપાયો સુલભ બનાવવા તે અમારો ધ્યેય-છે. ઝાયડસ હૉસ્પિટલ્સ ખાતે તમામ પ્રકારની મેડિકલ સ્પેશિયાલિટીઝ, ઈન્વેસ્ટીગેશન ડાયેગ્નોસ્ટિક સુવિધાઓ, રીહેબિલિટેશન અને ફિઝિકલ કેર સુવિધાઓ એક જ સ્થળે ઉપલબ્ધ છે.

અમારો હેતુ સર્વોત્તમ સારવાર ઉત્તમ આરોગ્ય માટેની સગવડ સાથે આરોગ્યના ઉચીત માપદંડ, પારદર્શક તેમજ ઉમદા દરો સાથે સારવાર પુરી પાડવાનો છે.

**ઝાયડસ હૉસ્પિટલ**
ઇન્દિરા ગાંધી સ્ટેચ્યુ પાસે, આણંદ-લાંભવેલ રોડ, આણંદ - ૩૮૮ ૦૦૧
**૨૪x૭ ઈમરજન્સી હેલ્પલાઈન**: ૦૨૬૯૨-૨૨૬૦૦૧/૬૧૯૫૦૧
www.zydushospitals.com /ZydusHospitalsAnand

**સારા સ્વાસ્થ્યનું સ્મિત અહીંથી શરૂ થાય છે.**

GASTROENTEROLOGY

Zydus Hospitals
A Complete Hospital
Anand

# લેપ્રોસ્કોપીક સર્જરી વિભાગ



કાયમી, સક્ષમ તથા અનુભવી ડૉક્ટર્સ | પારદર્શક બિલિંગ | નિયત પેકેજીસ | કોઈ પણ પ્રકારનો સર્વિસ ચાર્જ નહીં

## લેપ્રોસ્કોપીક સર્જરી (કિહોલ સર્જરી) એટલે શું ?

લેપ્રોસ્કોપી એક એવી પ્રક્રિયા છે જેમાં લેપ્રોસ્કોપ (એક પ્રકારના કેમેરા) વડે પેટની અંદરના ભાગને તપાસવા માટે જોઈ શકાય છે. લેપ્રોસ્કોપી સર્જરીમાં પેટના ભાગમાં નાના-નાના ચીરા મુકવામાં આવે છે અને તે કાણાઓમાંથી ઓપરેશનના ખાસ પ્રકારના સાધનો એક ખાસ પ્રકારના પોર્ટમાંથી પેટમાં દાખલ કરવામાં આવે છે.

## લેપ્રોસ્કોપીક સર્જરીના ફાયદા શું છે ?

- ઓછામાં ઓછો દુ:ખાવો
- ઝડપી રૂઝ અને તબિયતમાં સુધારો
- ઓપરેશન પછી પેટ પર જે કાપા મૂકવામાં આવ્યા હોય તેના કોઈપણ પ્રકારના ડાઘા નથી રહેતા (અથવા તો સમય સાથે આછા થઇ જાય છે).

## ઓપરેશન પછી મારે કેટલા દિવસો માટે હૉસ્પિટલમાં રહેવું પડશે ?

પિત્તાશયની પથરી અને સારણ ગાંઠ (હર્નિયા) માટે કરેલી લેપ્રોસ્કોપિક સર્જરીમાં દર્દીને ઓપરેશન કર્યાના દિવસે જ હૉસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવે છે. પણ અમુક જટિલ અથવા અદ્યતન પ્રક્રિયાઓ ખાસ કરીને ગેસ્ટ્રોઇન્ટેસ્ટીનલ (પાચન તંત્રને લગતા) કેન્સર માટે લાંબા સમય માટે હૉસ્પિટલમાં રહેવું પડે છે. તે નિર્ભર કરે છે કે તેના પર કેવા પ્રકારનું ઓપરેશન કરવામાં આવ્યુ છે.

## ઓપરેશન પછી હું રોજિંદા જીવનમાં ક્યારે પાછો ફરી શકું ?

સામાન્ય રીતે સર્જરી કર્યા પછી એક અઠવાડીયા સુધી આરામ કરવો પર્યાપ્ત હોય છે. પણ સર્જરી પછી તમારા સ્વાસ્થ્યમાં કેવો અને કેટલો સુધારો આવે છે તે પ્રમાણે સર્જન તમને સલાહ આપે તે હિતાવહ છે.

## ઓપરેશન પછી શું મારે સંપૂર્ણ આરામ કરવો પડશે ?

ના. જ્યારે તમારા દુ:ખાવામાં રાહત થાય અને સંવેદના પરત આવે ત્યારે તમે હલન-ચલન કરી શકો છો.

અપર જીઆઈ (ગેસ્ટ્રોઇન્ટેસ્ટિનલ-જીઆઈ) અન્નનળી (ફુડ પાઇપ), પેટ (જઠર) અને ડ્યુઓડેનમ (નાના આંતરડાના પ્રથમ ભાગ) સાથે સંકળાયેલા રોગોની સારવાર માટે કામ કરે છે.

### અન્નનળી (ફૂડ પાઈપ) સાથે સંબંધિત રોગ

- ઇસોફેજીટલ ડાઇવર્ટીક્યુલમ (અન્નનળીમાં બહારની બાજુમાં એક થેલી જેવું નીકળવું)
- સાદો કારક (એસિડ) દ્રવ્યના પીવાથી થતી અન્નનળીને ઇજા અને એનુ કડક થઇને સંકોચાય જવું.
- અકેલેઝીયા કાર્ડિયા (ગાળવાની તકલીફ થવી) અને અન્ય અન્નનળીના અન્ય હલન-ચલન સંબધિત રોગ
- ગેસ્ટ્રોઇસોફેઝીયલ રેફ્લક્ષ ડીસીઝ (અન્નનળી અને પેટને જોડતી સ્નાયુઓની રિંગને લાગતો રોગ)
- હાએટ્સ હર્નિયા (હોજરી/જઠરનો ઉપરનો અમુક ભાગ, ડાયાફ્રામમાંથી બહાર નીકળીને છાતીના ભાગમાં જતો રહે છે જેના કારણે અન્નનળીના નીચલા ભાગમાં ફુગ્ગા જેવું બની જાય છે)
- ઇસોફેજીયલ કેન્સર (અન્નનળીનું કેન્સર)

### પેટ (જઠર) અને નાના આંતરડા સાથે સંબંધિત રોગ

- પેટ અથવા નાના આંતરડામાં પડતાં પીડાદાયક ચાંદાઓ અને તેને લગતી અન્ય સ્વાસ્થ્ય તકલીફો ગેસ્ટ્રોઇન્ટેસ્ટીનલ સ્ટ્રોમલ ટ્યૂમર (પાચનતંત્રમાં થતા ટ્યૂમર)
- પેટ (જઠર)નું કેન્સર

**કોલોરેક્ટર ક્લિનિક** એટલે કે તે શાખા જેમાં મોટા આંતરડા તેમજ મળાશયને લગતા રોગો, જેની માટે ખાસ કુશળતા અને દેખરેખની જરૂર હોય છે તેની સારવાર થાય છે.

### મોટા આંતરડા અને મળાશય સાથે સંબંધિત રોગ

- અલ્સેરિટવ કોલોઇટિસ, કોહન્સ ડિસીઝ જેવા રોગો જેમાં મોટા આંતરડા અને મળાશયમાં સોજો આવી જતો હોય
- રેક્ટલ પ્રોલેપ્સ (મળાશયનો અમુક ભાગ ગુદામાંથી બહાર નીકળી જવો)
- કોલોનીક ડાઇવર્ટિક્યુલાઇટિસ (મોટા આંતરડામાં થેલી જેવું બનવું)
- કોલોનીક કેન્સર (મોટા આંતરડાનું કેન્સર)
- રેક્ટલ કેન્સર (મલાશયનું કેન્સર)
- પેરીએનાલ ડિસીઝ (ગુદાની આજુબાજુ ઠાવવાળા રોગ)

હિપેટોબિલિયરી અને પેન્ક્રિયાઝ ક્લિનિક લીવર (ચકૃત), ગોલ બ્લેડર (પિત્તાશય) અને પેન્ક્રિયાઝ (સ્વાદુપિંડ)ને લગતા રોગોની સારવાર કરે છે. આ રોગો એટલા જટિલ હોય છે કે તેની શ્રેષ્ઠ સારવાર માટે પૂરી રીતે સમર્પિત નિષ્ણાંતોની ખાસ ટીમની જરૂર પડે છે.

### લીવર (ચકૃત) સાથે સંબંધિત રોગ

- લીવર કેન્સર (એચસીસી)
- બાઇલ ડક્ટ (પિત્ત નળી)નું કેન્સર (કોલૅજીઓકર્સીનોમા)
- મેટાસ્ટેટિક કોલોરેક્ટલ કેન્સર (મોટા આંતરડાનું કેન્સર શરીરના અન્ય ભાગમાં ફેલાવવું)
- ન્યુરો એડોક્રાઇન ટ્યૂમર (એડોક્રાઇન કોશિકાઓનું કેન્સર)
- બીજી મેટાસ્ટેટિક ટ્યૂમર (જે ટ્યૂમર શરીરના બીજા ભાગોમાં ફેલાઈ જાય)
- બેનાઇન (કેન્સર રહિત) લીવર ટ્યૂમર

### પેન્ક્રિયાઝ (સ્વાદુપિંડ) સાથે સંબંધિત રોગ

- પેન્ક્રિયાટીક (સ્વાદુપિંડ)નું કેન્સર
- પેન્ક્રિયાટાઇટિસ (સ્વાદુપિંડમાં સોજો આવી જવો)
- સ્યૂડોસિસ્ટ (પેન્ક્રિયાઝમાં દ્રવ્ય ભરેલી થેલી જેવું બનવું)
- સિસ્ટિક ટ્યૂમર (પેન્ક્રિયાઝમાં કેન્સર ટ્યૂમર બનવો)

### પિત્ત નળીઓ અને પિત્તાશય સાથે સંબંધિત રોગ

- પિત્તાશયની પથરી (ગોલ સ્ટોન)
- બિલિયરી સ્ટ્રીક્ચર (પિત્ત નળી સંકોચે જવી)
- બાઇલ લીક (ઇજા અથવા સર્જરીના કારણે પિત્ત નળીમાંથી પિત્ત લીક થવું)
- કોલૅજીઓકર્સિનોમા / ગોલ બ્લેડર (પિત્ત નળી અથવા પિત્તાશયનું કેન્સર)

## સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલૉજીસ્ટ કોણ છે ?

સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલૉજીસ્ટ એટલે એ સર્જન છે જે, પાચનતંત્ર (અન્નનળી, પેટ, નાનુ આંતરડું અને મોટું આંતરડું) અને પાચન તંત્રના અન્ય અવયવો (લિવર, સ્વાદુપિંડ, પિત્ત નળીઓ અને પિત્તાશય), આ બધા અંગોને લગતા રોગોની ઓપરેશન વડે સારવાર કરી શકે છે. સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલૉજીસ્ટ એ ખૂબ તાલીમ પામેલા સ્પેશ્યાલીસ્ટ હોય છે. તેઓને એમબીબીએસમાં પાંચ વર્ષ, જનરલ સર્જરીમાં ત્રણ વર્ષ અને સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલૉજી સુપર સ્પેશ્યાલિટીમાં ત્રણ થી ચાર વર્ષની તાલીમ લેવી પડતી હોય છે. સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલૉજીસ્ટ દર્દીઓને ક્લિનિક તેમજ હૉસ્પિટલમાં તપાસે છે અને તેઓ ઓપરેશન પણ કરે છે (ઓપર અને લેપ્રોસ્કોપીક સર્જરી બંને)

## સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલૉજીસ્ટની સલાહ ક્યારે લેવી જોઈએ ?

- પેટમાં દુ:ખાવો, ઉલ્ટી, વારંવાર લોહી વાળા ઝાડા થવા, સ્ટ્રલમાં લોહી નીકળવું
- કેટલાક લક્ષણો જેવા કે, ગળવામાં તકલીફ પડવી, ઉલ્ટીમાં લોહી, કમળા સાથે ખંજવાળ આવવી, વજન ઘટવું, ભૂખ ન લાગવી વગેરે જેવા લક્ષણો કેન્સરના પહેલા સ્ટેજના લક્ષણો હોઇ શકે છે.
- ઘણીવાર ગોલ બ્લેડર (પિત્તાશય)ની પથરી (ગોલ સ્ટોન્સ)માં અથવા લીવરના કેન્સરમાં કોઈ લક્ષણો નથી હોતા અને તેનું નિદાન રૂટિન ચેકઅપ દરમ્યાન થતું હોય છે.

## સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલૉજીસ્ટ કેન્સરની સારવાર કરી શકે છે ?

હા. સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલૉજીસ્ટ એ કેન્સર સ્પેશ્યાલિસ્ટ સર્જન છે જે ગેસ્ટ્રોઇન્ટેસ્ટીનલ ટ્રક (પાચનતંત્ર)ના કેન્સરની ઓપરેશન વડે સારવાર કરી શકે છે.

